**પોસ્ટલ મનીઓર્ડર દ્વારા પેન્શન ચુકવણું કરવા બાબત.**

ગુજરાત સરકાર,
નાણા વિભાગ,
ક્રમાંક:-ટીજેઆર-૧૦૯૮-૨૮૯ (ડી.૨૭૫/૨૦૦૯) પી.
સચિવાલય, ગાંધીનગર.
તારીખ-૨૨/૦૩/૨૦૧૦

વંચાણમાં લીધાઃ (૧) નાણા વિભાગનો ઠરાવ ક્રમાંકઃટીજેઆર-૧૦૯૮-૨૮૯-૫-૧,તા.૧૫-૫-૧૯૯૮
(૨) ગુજરાત તિજોરી નિયમો-૨૦૦૦ ના નિયમ-૨૬૧

## ઠ રા વઃ-

ઉપર આમુખ-૧ માં દશાવેલ ઠરાવથી રૂ.૧,૩૦૦/-(અંકે રૂપિયા એક હજાર ત્રણસો પુરા) નુ મૂળ પેન્શન મેળવનાર પેન્શનર્ર, કે જેઓ બેંક/તિજોરીથી દૂરના સ્થળે ગ્રામ્ય વિસ્તારમાં વસવાટ કરે છે. તેમને સરકારી ખર્ચે મનીઓર્ડર દ્વારા પેન્શન ચૂકવણી કરવા હુકમો કરવામાં આવેલ છે.

૨. છઠા પગાર પંચની ભલામણોના આધારે લઘુતમ પેન્શનની રકમની મર્યાદા રૂ.૩,૫૦૦/- થતાં સરકારે કાળજીપૂર્વકની વિચારણાને અંતે ઉપર ફકરા (૧) માં જણાવ્યા મુજબ રૂ.૧,૩૦૦/-ના બદલે હવે રૂ.૩,૫૦૦/-(અંકે રૂપિયા ત્રણ હજાર પાંચસો પુરા) સુધીનું પેન્શન મેળવનાર કુટુંબ પેન્શનરોને સરકારી ખર્ચે મનીઓર્ડર દ્વારા પેન્શનની ચુકવણી કરવાનું ઠરાવે છે.

૩. આ હુકમોનો અમલ માહે-ઓક્ટોબર-૨૦૦૯ ના પેન્શનની રકમ કે જે નવેમ્બર-૨૦૦૯ માં ચૂકવવા પાત્ર થાય છે તેની ચૂકવણીથી કરવાનો રહેશે.

૪. ગુજરાત તિજોરી નિયમો ૨૦૦૦ના નિયમ ૨૬૧ માં જરૂરી સુધારો હવે પછી કરવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( શૈલજા પટેલ )
નાયબ સચિવ(પેન્શન/તિજોરી),
નાણા વિભાગ.

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
  માન./મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, ગુજરાત રાજ્ય, સચિવાલય, ગાંધીનગર.
  માન. મંત્રીશ્રી / રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ, નાયબ મંત્રીશ્રી ઓના અંગત સચિવશ્રીઓ,
  માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, સોલા, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- અધ્યક્ષશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

સચિવાલયના સર્વ વિભાગો.
એકાઉન્ટન્ટ જનરલશ્રી(ઓડિટ-૧),ગુજરાત રાજ્ય,અમદાવાદ/ રાજકોટ.
એકાઉન્ટન્ટ જનરલશ્રી(એ.એન્ડ ઈ.),ગુજરાત રાજ્ય,અમદાવાદ/ રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, નર્મદા, / વડોદરા / ગાંધીનગર /અમદાવાદ.
નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, ગાંધીનગર.
નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ગાંધીનગર.
નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર.
નિવાસી તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
સર્વ કલેક્ટરશ્રીઓ/જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
તમામ ખાતાના વડાઓ/ કચેરીઓ.
સર્વે જિલ્લા સહાયક નિરીક્ષક.
સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ / પેટા તિજોરી અધિકારીશ્રીઓ.
તમામ બોર્ડ કોર્પોરેશન/યુનિવર્સીટીઓ અને જાહેર સાહસો.
નાણા વિભાગની તમામ અધિકારીઓ/નાણા વિભાગની તમામ શાખાઓ
સીસ્ટમ મેનેજર, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.- વેબ સાઇટ ઉપર પ્રસિધ્ધ કરવા.
સર્વ માન્ય મંડળો.
પસંદગી ફાઈલ "પી" શાખા.
- બી વર્ગ ફાળવણી.
[ ૦ પત્ર વ્યાસ.]